	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૪/૦૩/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૩૩/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૨	૦	૧૩૨	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૫	૦	૧૦૦૬૮૫	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬	૪,૧૮,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯	૧૯,૦૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૩૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૭૪ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૩૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૩૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૮ વ્યક્તિઓની અને પાસા મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૩૬/૨૦૨૨**

મેઘાણીનગરઃ આઇયુકીબહેન વા/ઓ ધીસાજી પ્રજાપતિ (ઉ.વ.૭૦) (રહે. ભાર્ગવ રો હાઉસ સોસાયટી ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૩/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર ભાર્ગવ રોડ સીમંધર કીરાણા સ્ટોર નામની દુકાન પાસે બે અજાણ્યા પુરૂષોએ આઇયુકીબહેન પ્રજાપતિને પાંચ લાખ રૂપિયાના ચલણી નોટોનુ કાપડ વીંટાળેલ બંડલ બતાવી વિશ્વાસમાં લઇ આઇયુકીબહેન પ્રજાપતિએ પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા સોનાની વીંટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મેળવી લઈ કાપડમાં વિંટાળેલ પૈસાનુ બંડલ આપી પલાયન થઈ ગયા હતા. ત્યારબાદ આઈયુકીબહેન પ્રજાપતિએ બંડલ ખોલી જોતા કાગળના પુંઠાના નીચે પૈસાના બદલે સફેદ લીટીવાળા કાગળો નીકળેલ હોય આઈયુકીબહેન પ્રજાપતિ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૩૭/૨૦૨૨**

વાસણાઃ અક્ષય રમેશભાઇ દંતાણી (રહે. ઔડાના મકાન ભાઠાગામ વાસણા) એ તા.૨૩/૦૩/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૨ થી તા.૨૩/૦૩/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાનો દરવાજો નકુચા સાથે તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

કૃષ્ણનગરઃ જશોદાબહેન વા/ઓ ભુરેલાલ આર્ય (રહે. શ્રી રામ ટેનામેન્ટ મેવાડા પાર્ટી પ્લોટ સામે નવા નરોડા) એ તા.૨૩/૦૩/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૨૧/૦૩/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના તેમજ ચાંદીનાં સિક્કા મળી કુલ કિમત રૂપિયા ૭૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વિ.એમ.ગોહીલ ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૫૩૮/૨૦૨૨

વેજલપુરઃ સુમીતભાઇ સ/ઓ રાજુભાઇ મન્સુરી (રહે. ઝેબા રેસીડેન્સી લબ્બેક પાર્ક સામે કેનાલ પાછળ ફતેવાડી) એ તા.૨૩/૦૩/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૨૨/૦૩/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુમારે ફતેવાડી લબ્બેક પાર્કના ગેટ નંબર-૨ આગળ પાર્ક કરેલ પોતાની બંધ બોડીની મહીન્દ્રા બોલેરો ગાડીના પાછળના શટરનુ લોક તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી કુરીયરનો લીફટનો સામાન કિમત રૂપિયા ૧,૪૦,૫૭૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

કાગડાપીઠઃ દિલીપભાઇ સ/ઓ વાસુલાલ રૂપરેલ (રહે. શક્તિ પેલેસ રેણુકા હોલ નજીક વસ્ત્રાપુર) એ તા.૨૩/૦૩/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સફલ-૩ માર્કેટ બીજા માળે દુકાન નંબર-૬/૨૩૯ ની ગેલેરીમાંથી રેડીમેડ પંજાબી શુટ નંગ-૨૯ કિમત રૂપિયા ૬૫,૬૫૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી રોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૫૩૯/૨૦૨૨

કૃષ્ણનગરઃ ભાવિનભાઈ પ્રહલાદભાઈ પટેલ (ઉ.વ.૩૬) (રહે. મારૂતિ પાર્ક સોસાયટી મણિબા સ્કુલ સામે કૃષ્ણનગર) તા.૨૧/૦૩/૨૦૨૨ કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે મણિબા સ્કુલ સામે ગોગા મહારાજના મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક નંબર પ્લેટ વગરની મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભાવિનભાઈ પટેલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભાવિનભાઈ પટેલે તા.૨૩/૦૩/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પર્વતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૪૦/૨૦૨૨**

બાપુનગરઃ નિકિતાબહેન વા/ઓ ચિરાગભાઇ પટણી (ઉ.વ.૧૯) (રહે. શારદાબેન હોસ્પિટલ કુલચંદની જુની ચાલી સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૩/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને શ્રીજી મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૩/૨૦૨૨ કલાક ૫/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એચ" ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.